સુવિચાર : જુદા જુદા ધરમ પળે, જુદા જુદા ખ્યાલ મળે... નવાઈ છે કે સૌનું લોહી તોયે લાલ મળે... - રમેશ પટેલ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૦૧ | ૧૧ જાન્યુઆરી, ૨૦૧૬, સોમવાર ; પોષ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૩૫ ટકા

## ફટાફટ ન્યુઝ

- મોદી ચોક્કસ વિઝન વાળા વ્યક્તિ : વૈજ્ઞાનિક સીએનઆર રાવ
- જમ્મુ કાશ્મીરમાં સાતમી વાર ગવર્નર શાસન લાગૂ
- ચીનને પાછળ છોડી ૨૦૧૬માં ભારત સ્ટાર પર્ફોમર તરીકે હશે
- પીએફના યોગદાન માટે પાંચ દિનનો ગ્રેસ પિરિયડ ખેંચાયો
- ઘઉંનું વેચાણ કરી ૧૦૪૦૦ કરોડ ઉભા કરવાની તૈયારી
- સેમી હાઈસ્પીડ ટ્રેન કોચ માટે વાઇબ્રન્ટ કલર હશે
- ટોચની ૯ કંપનીઓની મૂડી ૭૮૫૧૧ કરોડનો ઘટાડો
- ભારતને બીજા ક્રમાંક પર રહેવા એક જીતની જરૂર

# ટેલિકોમ ક્ષેત્રે '૧૬માં રોજગારીની વિશાળ તકો

**ટેલિકોમ સેક્ટરમાં સાત લાખ રોજગારીની તક સર્જાઈ શકે છે : ટેલિકોમ ક્ષેત્રમાં મોટાપાયે નવા લોકોને તક મળી શકે છે : નીતિ આયોગને સુપ્રત કરવામાં આવેલા અહેવાલમાં દાવો : સેક્ટરલક્ષી નીતિઓની અસર**

નવીદિલ્હી,તા. ૧૦

ટેલિકોમ ઈન્ડસ્ટ્રીમાં મોટાપાયે રોજગારીની તકો સર્જાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે આગામી પાંચ વર્ષના ગાળામાં ટેલિકોમ સેક્ટરમાં સાત લાખ નવી રોજગારીની તકો ઉભી થશે. પોતાના મૂલ્યાંકનમાં ટોપ ટેલિકોમ સ્કીલ ડેવલપમેન્ટ ગ્રુપ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી હતી. રાષ્ટ્રીય આયોજન કમિટિ નીતિ આયોગને સુપરત કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ટેલિકોમ સેક્ટરમાં મોટાપાયે રોજગારીની તકો ઉભી થનાર છે. ટેલિકોમ લીડર્સ દ્વારા મોટાપાયે અભ્યાસ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. કાઉન્સિલ દ્વારા નીતિ આયોગને સેક્ટરલક્ષી નીતિઓ ઉભી કરવા માટે નીતિ આયોગને અપીલ કરી છે. સરકાર અને ખાનગી સેક્ટરના સંયુક્ત સાહસ તરીકે રહેલા ટેલિકોમ સેક્ટર સ્કીલ કાઉન્સિલના વડાનું કહેવું છે કે, ટેલિકોમ ક્ષેત્રમાં ખુબ સારી તકો આવનાર સમયમાં ઉભી થનાર છે. આ સેક્ટરમાં કુલ વર્કફોર્સ પૈકી રિટેલ ટકાવારી ૨૯ ટકા, નેટવર્ક અને આઈટી વેન્ડર્સની ટકાવારી ૧૮ ટકા, ટેલિકોમ ગિયર મેન્યુફેક્ચરિંગની ટકાવારી ૧૫ ટકા અને હેન્ડસેટ સેગ્મેન્ટમાં કર્મચારીઓની સંખ્યા ૩૫ ટકાની રહેશે જ્યારે સર્વિસ પ્રોવાઈડરની ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ત્રણ ટકાની તકો ઉભી થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિજિટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા જેવી મહત્વકાંક્ષી પહેલ કરી છે. ગ્રામીણ વિસ્તારમાં કુશળ ટ્રેનિંગને પ્રોત્સાહન આપવામાં આવશે. નેશનલ બ્રોડબેન્ડ નેટવર્કમાં પ્રગતિ દેખાઈ રહી છે. ગ્રામીણ વિસ્તારોમાં લેબ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવામાં આવશે. હાલમાં જ ફોક્સકોન સાથે વાતચીત થઈ છે. અન્ય સંબંધિતો સાથે પણ વાતચીત થઈ રહી છે. ટેલિકોમ સેક્ટર દ્વારા આગામી પાંચ વર્ષમાં સાત લાખ નવી રોજગારીની તકો ઉભી કરવામાં આવનાર છે. ટેલિકોમ ઈન્ડસ્ટ્રીમાં સુવર્ણ તકો દેખાઈ રહી છે. ટેલિકોમના ક્ષેત્રમાં કુશળ લોકોને વ્યાપક તકો મળવાની શક્યતા દેખાઈ રહી છે. વર્ષ ૨૦૧૬ સર્વશ્રેષ્ઠ સાબિત થાય તેમ માનવામાં આવે છે.



# નવ ટકા જીડીપી વિકાસદર હાંસલ કરવાનો ઉદ્દેશ્ય છે

**કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલીએ દાવો કર્યો**

નવીદિલ્હી,તા. ૩

સરકાર વર્તમાન વર્ષમાં નવ ટકા જીડીપી વૃદ્ધિદરનો ઈરાદો ધરાવે છે. સામાજિક અને ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જાહેર ખર્ચને વધારવા માટેની રણનીતિ તૈયાર કરી લેવામાં આવી છે. વર્તમાન નાણાંકીય વર્ષ માટે અપેક્ષિત ૭-૭.૫ ટકા કરતા પણ બે ટકા વધુ વૃદ્ધિદર હાસલ કરવાનો સરકારનો ઈરાદો છે. નાણામંત્રી અરુણ જેટલીએ કહ્યું છે કે, સરકાર ઝડપી સુધારા ઉપર ધ્યાન કેન્દ્રિત કરનાર છે. આનાથી પ્રત્યક્ષ કરવેરાની પ્રક્રિયા વધુ સરળ બનાવાશે. સાથે સાથે વિશ્વમાં સૌથી સ્પર્ધાત્મક નીતિ અપનાવવામાં આવશે. મુંબઈમાં એક એવોર્ડ કાર્યક્રમમાં વાત કરતા જેટલીએ વૈશ્વિક ભારતીયો, ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી, ફાયનાન્સના લીડરોને સંબોધતા કહ્યું હતું કે, ઓછા ફુગાવાના કારણે મહેસુલ ઉપર અસર થઈ છે. આજકારણસર ગ્રોથ રેટને નવી ઉંચી સપાટી ઉપર લઈ જવાના પ્રયાસ થઈ રહ્યા છે.


**હોટલ પથિકાશ્રમ**
**પાર્ટી પ્લોટ**
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્ક્વેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

UPSC / GPSC તથા અન્ય વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો
માનદ્ પ્રેરક-માર્ગદર્શક શ્રી કે. જી. વણઝારાસાહેબના માર્ગદર્શનમાં...
ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજનાર
**તલાટી સંવર્ગ પરીક્ષા માટે તાલીમવર્ગ**
તારીખ : 12-1-2016 થી નવી બેચ શરૂ
• અદ્યતન સંકુલ - નિષ્ણાંત તજ્જ્ઞો • પ્રોજેક્ટર - મલ્ટી-મિડિયા દ્વારા ટોપિક્સની વિસ્તૃત સમજ
• પરીક્ષાના દિવસ સુધી સતત તાલીમ અને માર્ગદર્શન • સુનિયોજિત મુદ્દાસર સ્ટડી-મટિરિયલ
• નિયમિત મોક-એક્ઝામ • OMR પદ્ધતિ મુજબ આન્સર શીટ
માત્ર મોક-એક્ઝામ આપવા ઇચ્છતા ઉમેદવારો માટે સુવિધા ઉપલબ્ધ
VED VYAS VIDYAPITH
॥ वेद व्यास विद्यापीठ ॥
ત્રીજે માળ, બી-બ્લોક, પ્રમુખ આર્કેડ, રીલાયન્સ કોલેજ ચાર રસ્તા, સરગાસણ ક્રોસરોડ, ગાંધીનગર.
Phone : 9998400003 7227909090




